# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref No. PN 2024-25/127 Dt. 27/11/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'અદૃશ્ય માનસિક સમસ્યાઓ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું

## વિશ્વમાં ૨ થી ૩ ટકા બાળકો અટેન્શન ડિફિક્ટ હાયપર એક્ટિવિટી ડિસઓર્ડરથી પીડિત છે - સાઈકિયાટ્રિસ્ટ ડો. મુકુલ ચોકસી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦:30 કલાકે, સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'અદૃશ્ય માનસિક સમસ્યાઓ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં જાણીતા સાઈકિયાટ્રિસ્ટ ડો. મુકુલ ચોકસીએ માનસિક સમસ્યાઓ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

ડો.મુકુલ ચોકસીએ જણાવ્યું હતું કે, 'પહેલાના સમયમાં મહિલાઓ વધુ આત્મહત્યા કરતી હતી, જ્યારે હાલમાં પુરૂષો વધુ આત્મહત્યા કરતા હોવાનું સામે આવી રહ્યું છે. હાલના જીવનમાં અનેક વ્યક્તિઓ માનસિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. વ્યક્તિની સામાજિક સ્થિતિ, આર્થિક સ્થિતિના કારણે અનેક વાર માનસિક સમસ્યાઓ નિર્માણ થાય છે. હાલમાં વ્યક્તિઓની સહનશીલતામાં ઘટાડો થયો હોય તેવું

જણાય છે. અનેક વ્યક્તિઓમાં માનસિક સમસ્યાઓ પહેલાથી જ હોય છે, પરંતુ તેના પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં ન આવતા તે ભવિષ્યમાં મોટું સ્વરૂપ લે છે.'

તેમણે બાળકોના અટેન્શન ડિફિક્ટ ડિસઓર્ડર અને અટેન્શન ડિફિક્ટ હાયપર એક્ટિવિટી ડિસઓર્ડર બીમારી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે એક વૈશ્વિક સર્વે મુજબ વિશ્વમાં ૨ થી ૩ ટકા બાળકો અટેન્શન ડિફિક્ટ હાયપર એક્ટિવિટી ડિસઓર્ડરથી પીડિત છે. તેમણે વધુમાં હાયઈમ્પિલસિટી, પર્સનાલિટી ડિસઓર્ડર, લર્નિંગ ડિસએબિલિટી વિશેની સમજ આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે કમિટીના સભ્ય ડો. મિતાબેન પાસવાલાએ વક્તાનો પરિચય આપ્યો હતો. અંતે ઉપસ્થિતોના તમામ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રી દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ સેશનનું સંચાલન કર્યું હતું અને ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.